


દમ હોય તો ખેડૂતોનું ભલું કરો

### આગ ઓકતી ગરમીમાં ખેતરમાં પરસેવો પાડનારા જગતના તાતને વળતરના નામે મીંડું, વચેટિયાઓની જાળ અને માર્કેટના નબળા તંત્રને કારણે ખેડૂતો લુંટાઈ રહ્યા છે

# લોકશાહી પર્વે ખેડૂતો લાચાર

» દૂધીના 1 મણના માત્ર ભાવ 180 મળતાં બારડોલીના ખેડૂતો પાયમાલ » કડોદનાં મહિલા ખેડૂતની વ્યથા, મજૂરી સહિતનો ખર્ચો માથે પડ્યો, ટેકાના ભાવ કે યોગ્ય બજાર વ્યવસ્થા ગોઠવવી જોઈએ

સુરતઃ દક્ષિણ ગુજરાતમાં ઉનાળાના પ્રારંભે જ શાકભાજીના ભાવો આસમાને પહોંચ્યા છે, ત્યારે બીજી તરફ દૂધી પકવતા ખેડૂતોની હાલત અત્યંત દયનીય બની છે. બારડોલીના કડોદ ગામના ખેડૂત ભારતીબેન પટેલે ઝરીમોરા ગામે ભારે આશા સાથે દૂધીનું વાવેતર કર્યું હતું, પરંતુ આજે બજારમાં મળતા નજીવા ભાવને કારણે તેમની મહેનત પર પાણી ફરી વળ્યું છે.

ધોમધખતા તાપમાં પરસેવો પાડીને તૈયાર કરેલી દૂધીના ૨૦ કિલોના મણના ભાવ માત્ર રૂ.૧૮૦ મળી રહ્યા છે. અને બજારમાં ૪૦ રૂ. કિલો આમ જનતાને વેચી રહ્યા છે. એટલે કે ખેડૂતને એક કિલો દૂધીના માત્ર ૯ રૂપિયા હાથમાં આવે છે. આ રકમમાંથી ટેમ્પો ભાડું ૪૦ રૂપિયા અને ૧૨ રૂપિયા પેકિંગ ખર્ચ અને મજૂરી ૨૦ કિલોની ૨૦૦ રૂપિયા, મોંઘા ભાવના ખાતર, બિયારણ અને સિંચાઈનું પાણી તો ઠીક, પણ માર્કેટ સુધી પહોંચાડવાનો વાહન વ્યવહારનો ખર્ચ (ટ્રાન્સપોર્ટેશન) પણ નીકળવો મુશ્કેલ બન્યો છે. આશ્ચર્યની વાત એ છે કે છૂટક બજારમાં ગ્રાહકોએ દૂધી માટે ઊંચા ભાવ ચૂકવવા પડે છે, જ્યારે ખેતરમાં પરસેવો પાડનારા જગતના તાતને વળતરના નામે મીંડું મળી રહ્યું છે. વચેટિયાઓની જાળ અને માર્કેટના નબળા તંત્રને કારણે ખેડૂતો લુંટાઈ રહ્યા છે. ભારતી પટેલ જેવાં અનેક ખેડૂતો અત્યારે એવી સ્થિતિમાં મુકાયાં છે કે તૈયાર પાકને માર્કેટમાં લઈ જવા કરતાં તેનો નાશ કરવો વધુ સસ્તો પડી રહ્યો છે. જો સરકાર દ્વારા શાકભાજીના ટેકાના ભાવ કે યોગ્ય બજાર વ્યવસ્થા ગોઠવવામાં નહીં આવે, તો આગામી દિવસોમાં ખેડૂતો ખેતી છોડવા મજબૂર બનશે તેવા એંધાણ વર્તાઈ રહ્યાં છે.

### નેતાઓને વિનંતી, પાકના ભાવ અપાવો

આ બાબતે મનીષભાઈ મિસ્ત્રીએ જણાવ્યું હતું કે, દરેક પક્ષના નેતાઓને એટલી વિનંતી છે કે જો તમારા કોઈપણ નેતાઓમાં દમ હોય તો અત્યારે શાકભાજી માર્કેટમાં ભીંડાનો ભાવ 200 છે તો એ 200માંથી 800 કરાવી શકો તો તમે સાચા નેતા કહેવાઓ. ખેડૂતને એની મહેનતનું પણ મળતું નથી, એટલે સ્ટેજ ઉપર માઇક્રોફોનમાં મોટી મોટી અને ખોટી ખોટી વાતો કરવાનું છોડી દો. ખેડૂતને અત્યારે જરૂર છે તમારી. તો આ કામ કરાવો.

### બુહારી અને વ્યારાના માર્કેટ યાર્ડના વેપારીઓએ ભીંડા લેવાનું બંધ કર્યું

હાલમાં બારડોલી તાલુકાના કડોદ, કસાડ, ઝરીમોરા, રજવાડ, નસુરા, હરિપુરા, મોરી જેવાં ગામોના ખેડૂતો ઉનાળાની સિઝનમાં ભીડા, પરવર, રીંગણ, દૂધી જેવા શાકભાજી બનાવી દરરોજનું ગુજરાન ચલાવવા વાવેતર કરે છે. છેલ્લા 15 દિવસની શહેરી વિસ્તારોમાં આમ જનતાને મોંઘા ભાવે શાકભાજી ખરીદવા પડતાં હોય છે. ત્યારે 20 કિલો દૂધીના 150થી 180 રૂપિયા, ભીંડા 20 કિલોના 200 રૂપિયા, રીંગણ 20 કિલોના 200થી 250 રૂપિયા, પરવર 20 કિલોના 450 જેટલા ભાવે હોલસેલમાં ખરીદી કરે છે અને બજારમાં પ્રતિ કિલોના દૂધીનો ભાવ 40 રૂપિયા કિલો, ભીંડા 40 રૂપિયા કિલો, રીંગણ 50 રૂપિયા કિલો, પરવર 50 રૂપિયા કિલો વેચાઇ રહ્યા છે. ખેડૂતોને પ્રતિ 20 કિલોએ 40 રૂપિયા રોજ ભાડું અને પેકિંગ 12 રૂ. અને લેબર 200 રૂ. સામે કુલ પ્રતિ 20 કિલોના 250 રૂપિયા જેટલો ખર્ચ આવે છે. ત્યારે બુહારી અને વ્યારાના માર્કેટ યાર્ડના વેપારીઓએ ભીંડા લેવાનું બંધ કર્યું છે.

## NHAIનો ખુલાસો: ગુજરાતમાં 5,060 કરોડની ટોલ આવક

**ભરૂચ-**સુરત અને સુરત-દહિસર રાષ્ટ્રીય ધોરી માર્ગોની કથળતી સ્થિતિ અને ખાડાની સમસ્યા માટે કોર્ટમાં PIL કરી હતી

**હાઇકોર્ટ** ભરૂચ સેક્શન પર ધ્યાન કેન્દ્રીત કરીને NHAIના સુધારાના દાવા ચકાસશે

ભરૂચઃ નેશનલ હાઇવે ઓથોરિટી ઓફ ઇન્ડિયા (NHAI)એ ગુજરાત હાઇકોર્ટ સમક્ષ જાણ કરી છે કે તેણે રાજ્યમાંથી 5,060 કરોડની ટોલ આવક વસૂલ કરી છે. સાથોસાથ, આ ભંડોળનો મોટો હિસ્સો રસ્તાના જાળવણી અને વિસ્તરણમાં પુનઃ રોકાણ કરવામાં આવી રહ્યો હોવાનો પણ દાવો કર્યો છે. ઉલ્લેખનીય છે કે, જાહેર હિતની અરજી (PIL)ની સુનાવણી દરમિયાન આવ્યું છે, જેમાં ભરૂચ-સુરત અને સુરત-દહિસર રાષ્ટ્રીય ધોરી માર્ગોની કથળતી સ્થિતિ અને ખાડાઓની સમસ્યા ઉઠાવવામાં આવી હતી.

NHAIના વકીલે કોર્ટને જણાવ્યું કે, 1,500 કરોડ ફક્ત જાળવણી માટે ફાળવવામાં આવ્યા છે, જ્યારે વધારાના 2,000 કરોડ વધારાનાં કાર્યો હેઠળ ખર્ચવામાં આવ્યાં છે, જેમાં ઘણા ચાર-લેન હાઇવેને છ લેનમાં અપગ્રેડ કરવાનો સમાવેશ થાય છે. વકીલે સ્પષ્ટતા કરી હતી કે આ આંકડામાં જમીન સંપાદનના ખર્ચનો સમાવેશ નથી.

ટોલ આવકની ફાળવણી અંગે પૂછાયેલા પ્રશ્નના જવાબમાં NHAIએ જણાવ્યું કે, ભંડોળનું સંચાલન "ઓલ ઈન્ડિયા પ્રોજેક્ટના ભાગરૂપે થાય છે, એટલે કે એક પ્રદેશમાં ઊભી થયેલી આવક ત્યાં જ નહીં, પરંતુ સમગ્ર દેશની માળખાગત પ્રાથમિકતાઓને ધ્યાનમાં રાખીને ખર્ચવામાં આવે છે. હાઇકોર્ટના ડિવિઝન બેન્ચે મુસાફરોની સલામતીને લઈને સખ્ત વલણ અપનાવતા કહ્યું, અમને માત્ર રસ્તાની સ્થિતિની ચિંતા છે. કોર્ટે એમ પણ કહ્યું કે તેઓ અમદાવાદથી સુરત સુધી રોડ માર્ગે કોઈને મોકલીને NHAIના સુધારાના દાવાની ચકાસણી કરશે, ખાસ કરીને ભરૂચ સેક્શન પર ધ્યાન કેન્દ્રીત કરીને, NHAIના સુધારાના દાવાઓની ચકાસણી કરશે.

NHAIના વકીલે કોર્ટને વધુમાં જણાવ્યું કે, ન્યાયિક હસ્તક્ષેપથી કામના સમયપત્રકમાં સુધારો થયો છે અને સામગ્રીની ગુણવત્તા વધી છે. બિનકાર્યક્ષમ કોન્ટ્રાક્ટરને હટાવીને નવા કોન્ટ્રાક્ટરોને પ્રોજેક્ટ સોંપવામાં આવ્યા છે. ગયા ડિસેમ્બર સુધીમાં મુખ્ય ઓવરલે કામ પૂર્ણ થઈ ગયું છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, NHAIએ સુપ્રીમ કોર્ટના નિર્દેશનો પણ ઉલ્લેખ કર્યો હતો, જેમાં મુખ્ય સચિવો અને કલેક્ટરોને હાઇવે પર અતિક્રમણ અને ગેરકાયદે પાર્કિંગ અટકાવવાનો આદેશ આપવામાં આવ્યો છે. વધુમાં, નવા દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ વેના ઉદઘાટનથી NH-8 પર ટ્રાફિક જામમાં 35 ટકાનો ઘટાડો નોંધાયો હોવાનું પણ જણાવાયું છે. આ મામલે આગામી સુનાવણી આવતા અઠવાડિયે થશે.



## ચિકન સેન્ટરની આડમાં ચાલતી નકલી દારૂની ફેક્ટરી ઝડપાઈ

**આમલીપાડાની** ઘટના, રૂ.5.14 લાખનો મુદ્દામાલ જપ્ત કરાયો, પાંચ વોન્ટેડ

સોનગઢઃ સોનગઢ તાલુકાના આમલીપાડા ગામે 'એસ.કે. ચિકન સેન્ટર' નામની દુકાન અને રહેણાકના મકાનમાં ચાલતી નકલી ઈંગ્લિશ દારૂ બનાવવાની ફેક્ટરીનો તાપી એલ.સી.બી. અને પેરોલ ફ્લો સ્ક્વોડની ટીમે પર્દાફાશ કર્યો છે. પોલીસે ઘટના સ્થળેથી બે શખ્સને ઝડપી પાડી કુલ ૫,૧૪,૪૦૩નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. પોલીસને બાતમી મળી હતી કે, સોનગઢનો બુટલેગર સિકંદર શાંતુભાઈ ગામીત અને



તેની પત્ની સુમિત્રાબેન પોતાના મકાનમાં માણસો રાખી નકલી ઈંગ્લિશ દારૂ બનાવવાની ફેક્ટરી ચલાવી રહ્યા છે. આ બાતમીના આધારે પોલીસે આમલીપાડાના બસ સ્ટેન્ડ ફળિયામાં આવેલી દુકાન અને મકાનમાં દરોડો પાડ્યો હતો. તપાસ દરમિયાન એક પતરાના શેડવાળા રૂમમાં બે ઈસમ પ્લાસ્ટિકના પીપડામાંથી કાચની ખાલી બોટલોમાં પ્રવાહી ભરતાં રંગેહાથ ઝડપાઈ ગયા હતા. પોલીસે સ્થળ પરથી દુર્ગાશંકર ઉદેલાલ ખટીક (રહે.,પાંડેસરા, સુરત) અને કલ્પેશભાઈ ઉર્ફે લાલો રામચંદ્રભાઈ સામરીયા (રહે.,ઉમરા, સુરત)ની ધરપકડ કરી છે. આ દરોડામાં પોલીસે મોટી માત્રામાં દારૂનો જથ્થો, ખાલી બોટલો અને દારૂ બનાવવાનો સામાન જપ્ત કર્યો છે. મુખ્ય આરોપી સિકંદર ગામીત સહિત અન્ય ચાર શખ્સને વોન્ટેડ જાહેર કરી પોલીસે વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.



પ્રવીણ તેરૈયા, સુરેશ ગાંધી

## કોસમડીમાં ટેમ્પો ઝાડ સાથે અથડાતાં 3 ઘાયલ

અંકલેશ્વરઃ અંકલેશ્વરથી વાલિયા તરફ જઈ રહેલા એક છોટા હાથી ટેમ્પોનો અકસ્માત સર્જાતાં પતિ-પત્ની તથા ૪ વર્ષીય બાળક ઈજાગ્રસ્ત થયા હોવાની ઘટના સામે આવી હતી. પ્રાપ્ત માહિતી મુજબ શનિવારે સવારે વાલિયાના રહીશ દીપક તુલસીપ્રસાદ ચોરશિયા (ઉં.વ.28), તેમની પત્ની કંચન દીપક ચોરશિયા (ઉં.વ.24) તથા પુત્ર કુંજુ દીપક ચોરશિયા (ઉં.વ.4) અંકલેશ્વરથી વાલિયા તરફ છોટા હાથી ટેમ્પોમાં જઈ રહ્યા હતા. દરમિયાન અંકલેશ્વર-વાલિયા રોડ પર કોસમડી ગામ નજીક આવેલા જય પ્રભુ ફાર્મ હાઉસ પાસે વાહનચાલકે સ્ટીયરિંગ ઉપરનો કાબૂ ગુમાવતાં ટેમ્પો માર્ગ કિનારે આવેલા ઝાડ સાથે અથડાયો હતો. અકસ્માતમાં ત્રણેયને ઈજા પહોંચી હતી. ઘટનાની જાણ થતાં સ્થાનિક લોકો તાત્કાલિક મદદે દોડી આવ્યા હતા અને ઈજાગ્રસ્તોને સારવાર માટે અંકલેશ્વર સ્થિત હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ત્રણેયની સારવાર ચાલુ હોવાનું જાણવા મળ્યું હતું. અકસ્માત અંગે જીઆઈડીસી પોલીસે વધુ તપાસ હાથ ધરી હોવાનું જાણવા મળ્યું છે.

## સરોલ ગામમાં નહેરમાંથી અજાણ્યાની લાશ મળી

સાયણઃ ઓલપાડના સરોલ ગામની કુદિયાણા માઈનોર નહેરમાંથી આશરે ૫૦ વર્ષના અજાણ્યા પુરુષની લાશ મળી આવી છે. મૃતકના જમણા હાથે 'રાજુ' લખેલું છે અને તેણે પટ્ટાવાળો શર્ટ તથા રાખોડી પેન્ટ પહેર્યું છે. સરોલના ખેડૂત સુભાષભાઈ પટેલની જાણ બાદ ઓલપાડ પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી વાલી-વારસોની શોધખોળ અને વધુ તપાસ હાથ ધરી છે.

## ભરૂચ નગરમાં બે જગ્યાએ મકાનમાં આગ ભભૂકી

**42 ડિગ્રી** તાપમાન વચ્ચે મકતમપુરમાં ધુમાડાના ગોટેગોટા ઊડ્યા

ભરૂચઃ ભરૂચ શહેરમાં આગ લાગવાના બે અલગ અલગ બનાવો સામે આવતા ફાયર વિભાગ દોડતો થયો હતો અને બંને વિસ્તારોમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. પ્રથમ બનાવમાં ભરૂચ શહેરના મકતમપુર વિસ્તારમાં આવેલી જિલ્લા પંચાયત ઓફિસર્સ કોલોની પાસે આજે બપોરના સમયે એક બંગલાના પ્રથમ માળે એકાએક ભીષણ આગ ફાટી નીકળી હતી. જોતજોતામાં આગે રૌદ્ર સ્વરૂપ ધારણ કરી લેતાં મકાનની બાલ્કનીમાંથી ધુમાડાના કાળા ગોટેગોટા અને આગની જ્વાળાઓ બહાર નીકળવા લાગી હતી. આશરે 42 ડિગ્રી જેટલા ઊંચા તાપમાનને કારણે આગ વધુ ઝડપથી પ્રસરી હતી. ઘટનાની જાણ થતા જ ફાયર બ્રિગેડના બે ફાયર ટેન્ડરો તાત્કાલિક સ્થળ પર દોડી આવ્યા હતા અને લશ્કરોએ પાણીનો મારો ચલાવી ભારે જહેમત બાદ આગ પર સંપૂર્ણ કાબૂ મેળવ્યો હતો.

આ દુર્ઘટનામાં આગના કારણે મકાનમાં રહેલી ઘરવખરી અને અન્ય કીમતી સામગ્રીને ભારે નુકસાન થયું હતું. જો કે, કોઈ જાનહાનિ થઈ ન હતી.

બીજી તરફ ભરૂચ શહેરના દાંડિયા બજાર વિસ્તારમાં આવેલા ચીંગસપુરા રાણા સ્ટ્રીટમાં પણ અચાનક આગ લાગી હતી. પ્રાથમિક માહિતી મુજબ ડાયાભાઈ રાણા નામના વ્યક્તિના મકાનમાં ગેસ સિલિન્ડર લીક થવાના કારણે આગ લાગી હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. આગ એટલી ભયાનક હતી કે લાકડાથી બનેલું આ મકાન થોડા જ સમયમાં આગની લપેટમાં આવી સંપૂર્ણ રીતે ભસ્મીભૂત થઈ ગયું હતું. આગ લાગતા જ આસપાસના વિસ્તારમાં ભયનો માહોલ સર્જાયો હતો અને લોકો ઘરોમાંથી બહાર દોડી આવ્યા હતા.

આ ઘટનાની જાણ થતા જ નગરપાલિકા ફાયર વિભાગના ત્રણ ટેન્ડરો તાત્કાલિક સ્થળ પર દોડી આવ્યા હતા અને ભારે મહેનત બાદ આગ પર કાબૂ મેળવ્યો હતો. આ બંને બનાવોમાં મોટાપાયે માલમત્તાનું નુકસાન થયું હોવાનું અનુમાન છે. જો કે, સદનસીબે કોઈ મોટી જાનહાનિ ટળી હતી.



વિશાલ પટેલ

### કામરેજ પાસે તબેલામાં અચાનક આગ લાગી, 17 પશુનો ઉગારો

કામરેજઃ કામરેજની રોયલ રેસિડન્સીની બાજુમાં રામદેવનગરમાં રહેતા અને પશુપાલનનો ધંધો કરતાં કમલેશ પુનાભાઈ ભડીયાદરાના તબેલામાં શુક્રવારે મોડી રાત્રે અચાનક આગ લાગી હતી. જોતજોતામાં આગ તબેલા ઉપર રાખેલા પરાડના પૂડામાં પ્રસરી ગઈ હતી. પરંતુ કામરેજની ઈ.આર.સી. ટીમને જાણ કરવામાં આવતાં તુરંત ઘટના સ્થળે દોડી જઈ પાણીનો છંટકાવ કરી આગને કાબૂમાં લેવામાં આવી હતી. તબેલામાં રહેલાં 17 પશુનો પણ બચાવ થયો હતો.

### ભરૂચમાં અજાણ્યો બાઈકચાલક વકીલને ટક્કર મારી ભાગી છૂટ્યો

ભરૂચઃ ભરૂચમાં વકીલાત કરતા નટવરભાઈ ગીરધરભાઈ પરમાર (ઉં.વ.54) ભરૂચ કોટીએથી પોતાની મોપેડ નં.(GJ-16-AN-0963) લઈ ઘરે જતા હતા. ત્યારે જ્યોતિનગર પાસે HDFC બેન્ક સામે અજાણ્યો યુવાન બાઈકચાલક (ઉં.વ.20) રોંગ સાઈડમાં આવતાં અકસ્માત થયો હતો. એક અજાણ્યાએ તેમને હોસ્પિટલ ખસેડતાં ડોક્ટરે એક્સ-રે બાદ ખભાના ભાગે ફ્રેક્ચર થતાં પોલીસ ફરિયાદ કરવાનું કહ્યું હતું. બાદ ભરૂચ સી ડિવિઝનમાં પોલીસ સ્ટેશનમાં અજાણ્યા બાઈકચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી.

### અંકલેશ્વરમાં છેતરપિંડી થતાં પોલીસ ફરિયાદ

અંકલેશ્વરઃ અંકલેશ્વરમાં લ્યુપીન હ્યુમન વેલફેર એન્ડ રિસર્ચ ફાઉન્ડેશન સાથે રૂ.8.50 લાખની છેતરપિંડીનો બનાવ પ્રકાશમાં આવ્યો છે. સંસ્થાના પૂર્વ વહીવટકર્તા અશ્વિનકુમાર જોશીએ નોકરીમાંથી મુક્ત થયા બાદ સંસ્થાની મંજૂરી વિના તેના નામે લેપટોપ, ફર્નિચર અને હાર્ડવેર જેવી વસ્તુઓ ખરીદી અંગત વપરાશમાં લીધી હતી. આ ગેરરીતિ અંગે હેડ એડમિનિસ્ટ્રેશન ચિંતનસિંહ રાઠોડે ફરિયાદ નોંધાવતાં પોલીસે આરોપીની ધરપકડ કરી છે. જેની વધુ તપાસ પોલીસે આદરી છે.

## સંક્ષિપ્ત સમાચાર

### મોવાછી ગામ નજીક નહેરમાં નાહવા પડેલા યુવાનનું ડૂબી જવાથી મોત

બારડોલીઃ બારડોલીના મોવાછીમાં તાપી ડાબા કાંઠાની નહેરમાં નાહવા પડેલા એક ૩૧ વર્ષીય યુવાનનું ઊંડા પાણીમાં ડૂબી જવાથી મોત નીપજ્યું હોવાની ઘટના સામે આવી છે. મૃતક યુવાનનું નામ અમીતભાઈ છનાભાઈ રાઠોડ છે, જેઓ કામરેજના ડુંગર ચીખલી ગામના છપરી ફળિયામાં રહેતા હતા. ૨૩ એપ્રિલના રોજ બપોરે ૧:30 વાગ્યાથી લઈને ૨૪ એપ્રિલ-૨૦૨૬ના રોજ બપોરે ૧૨ વાગ્યાની વચ્ચેના સમયગાળા દરમિયાન આ દુર્ઘટના બની હતી. અમીતભાઈ મોવાછી ગામની સીમમાંથી પસાર થતી તાપી ડાબા કાંઠાની નહેરમાં નાહવા માટે ઊતર્યા હતા. નહેરમાં પાણીનું સ્તર ઊંડું હોવાને કારણે તેઓ બહાર નીકળી શક્યા નહોતા અને પાણીમાં ડૂબી જવાથી તેમનું મૃત્યુ થયું હતું.

### નવી કીકવાડમાં પશુ ભરેલા ટેમ્પો સાથે બે ઝડપાયા, 17 ભેંસને છોડાવી

બારડોલીઃ પલસાણા પોલીસ સ્ટેશનની 112 હેલ્પલાઇનને ફરિયાદ મળી હતી કે, એક આઇસર ટેમ્પો કન્ટેનરમાં પશુ ભરેલાં છે અને ગેરકાયદે રીતે વાહન કરીને એના તરફ એક્સ્પ્રેસ વે પરથી પસાર થાય છે. આ બાતમીમાં આધારે તપાસ કરતાં ટેમ્પો સુરતથી ધુલિયા તરફ જઇ રહ્યો હોવાનું જાણવા મળ્યું હતું. આથી પોલીસની મોબાઇલ વાન જોળવાથી નેશનલ હાઇવે નં.53 પર માણેકપોર પોલીસ ચેકપોસ્ટ પાસે ગઈ હતી. જ્યાં વોચ ગોઠવી હતી. આ દરમિયાન જાણવા મળ્યું હતું કે ટેમ્પો નવી કીકવાડ ગામ નજીળથી પાછો વાળી જાય તેમ છે. આથી પોલીસ નવી કીકવાડ ગામ નજીક પહોંચતાં જ ટેમ્પો સુરત તરફ યુ-ટર્ન મારી રહ્યો હતો. ત્યારે પોલીસે તે ટેમ્પો નં.(જીજે 27 ટીજી 3532)ને રોકી ચાલક સકિલ સલીમ પટેલ (ઉં.વ.29) (રહે., સાંપા, ગુંદા ફળિયું, તા.કરજણ, જિ.વડોદરા) અને ક્લીનર સલમાન અલીભાઈ મઠિયા (ઉં.વ.30) (રહે.,વલણ, તા.કરજણ, જિ.વડોદરા)ની ધરપકડ કરી હતી. ટેમ્પોના કન્ટેનરમાં 17 જેટલી ભેંસ ભરી હતી. પોલીસે તમામ ભેંસોને છોડવી પાંજરાપોર ખાતે મોકલી આપી હતી. પોલીસે બંને આરોપી વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### દહેજ એક્ઝિટ પાસે 3.27 લાખના વિદેશી દારૂ સાથે એક ઝડપાયો



ભરૂચઃ ભરૂચ LCB ટીમ પેટ્રોલિંગમાં હતી. ત્યારે બાતમી મળી હતી કે સુરતથી વડોદરા તરફ જતી એક સ્વિફ્ટ કાર નં.(GJ 23 CE 5878)માં વિદેશી દારૂ લઈ જવામાં આવી રહ્યો છે. બાતમીના આધારે પોલીસે દહેજ એક્ઝિટ પાસે વોચ ગોઠવી હતી. શંકાસ્પદ કાર આવતાં જ પોલીસે ટ્રાફિક જામ કરાવી તેને અટકાવી હતી. આ દરમિયાન કારમાં સવાર આણંદના સામરખાનો મોન્ટુ પરમાર અંધારા અને ટ્રાફિકનો લાભ લઈને ફરાર થઈ ગયો હતો. પોલીસે ડ્રાઈવિંગ સીટ પર બેઠેલા ધર્મેન્દ્ર રમેશભાઈ ચૌહાણ (રહે., રાસનોર, આણંદ)ને ઝડપી લીધો હતો. કારની તલાશી લેતા તેમાંથી વિદેશી દારૂનાં 62 બોક્સ મળી આવ્યાં હતાં, જેમાં કુલ 2,976 બોટલ (કિં. રૂ. 3,27,360) ભરેલી હતી. પોલીસે દારૂના જથ્થા ઉપરાંત 5 લાખની કાર અને બે મોબાઈલ ફોન મળી કુલ રૂ.8,37,360નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. પકડાયેલા આરોપીની પૂછપરછમાં જાણવા મળ્યું કે તેઓ કીમ હાઈવે પાસેથી આ દારૂ ભરીને આણંદ તરફ જઈ રહ્યા હતા. પોલીસે આ મામલે ગુનો નોંધી ફરાર આરોપી મોન્ટુ પરમારને પકડવા ચક્રો ગતિમાન કર્યાં છે.

### નઘોઈમાં બાઇક સ્લિપ થતાં વૃદ્ધનું મોત

સાયણઃ ઓલપાડના નઘોઈ ગામે ખેતમજૂરોને કામે બોલાવવા ગયેલા ૬૨ વર્ષીય વૃદ્ધ ખેડૂત ભૂપેન્દ્રભાઈ રામજીભાઇ પટેલનું માર્ગ અકસ્માતમાં મોત નૂપજ્યું છે. શુક્રવારે સવારે તેઓ પોતાની બાઈક પર હળપતિવાસમાં મજૂરોને મળવા ગયા હતા. ત્યાંથી પરત ફરતી વખતે દુકાન પાસે રોડ પર અચાનક બાઈક સ્લિપ થઈ જતાં તેમને માથામાં ગંભીર ઈજા પહોંચતાં તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલ ખસેડાયા હતા, જ્યાં ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા.

### રાજનગર ગામે શ્રમિક મહિલાનું મોત

સાયણઃ ઓલપાડના રાજનગર ગામે ખેડૂત નિર્મલસિંહ રાઠોડના ઘરે મજૂરી કરતાં ભાવનાબેન રાઠોડ (ઉં.વ.૨૯) (મૂળ રહે., હળપતિવાસ, સોંદામીઠા, ઓલપાડ) શનિવારે સવારે પોતાના રૂમમાં અગમ્ય કારણોસર બેભાન હાલતમાં મળી આવ્યાં હતાં. સારવાર માટે ઓલપાડ સરકારી દવાખાને ખસેડતાં તબીબોએ તેમને મૃત જાહેર કર્યાં હતાં. આ અંગે પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### ભરૂચમાં ટ્યુશન ક્લાસ પાસેથી મોપેડ ચોરી

ભરૂચઃ રહાડપોર ગામ, ચાવજ રોડ પર રંગઉપવન સોસાયટીમાં રહેતાં શીતલબેન નિરેનભાઈ પટેલની માલિકીની GJ-16-EE-2789 નંબરની TVS જ્યુપિટર મોપેડ ગત તા.18 એપ્રિલે ચોરી થઈ હતી. શીતલબેનની પુત્રી તિથિ પટેલ આ મોપેડ લઈને મિક્ષો ચોકડી પાસે આલ્ફા આર્કેડમાં આવેલા ટ્યુશન ક્લાસમાં ગઈ હતી. સવારે લગભગ દસ વાગ્યાના સમયે તેણે મોપેડ ક્લાસની પાછળની ખુલ્લી જગ્યામાં પાર્ક કરી હતી. જો કે, બપોરે પોણા ત્રણ વાગ્યે ટ્યુશન પૂરું થયા બાદ તે પાર્કિંગ સ્થળે પહોંચી તો મોપેડ ગાયબ હતી. આ બનાવની જાણ થતાં જ પરિવાર દ્વારા આસપાસના વિસ્તારમાં સઘન શોધખોળ કરવામાં આવી હતી, પરંતુ મોપેડ ન મળી હતી. ચોરાયેલું મોપેડ વર્ષ-2025નું મોડેલનું હોવાથી અને તેની અંદાજે કિંમત રૂ.1,10,000 જેટલી થાય છે. જેથી શીતલબેને તા.22 એપ્રિલે ઈ-FIR કરતાં ભરૂચ સી ડિવિઝનમાં વાહન ચોરીનો ગુનો નોંધાયો હતો.

### અંકલેશ્વરમાં મકાનમાં તાળાં તોડી ચોરી

અંકલેશ્વરઃ અંકલેશ્વરના પીરામણ રોડ પર આવેલ પેરાપાર્ક સોસાયટીમાં રહેતા અનિસુર અબ્દુલ રહેમાન ખાન (ઉં.વ.45) નોબલ માર્કેટ વિસ્તારમાં ટ્રેડિંગનો વ્યવસાય કરે છે, તેઓ પરિવાર સાથે સ્કૂલની રજાઓને કારણે તા.20 એપ્રિલ 2026ના રોજ મુંબઈ ગયા હતા. ઘર ખાતે પાળેલાં પક્ષીઓ અને પાળતુ પ્રાણીઓને ખોરાક આપવા માટે ઘરની ચાવી ઓળખીતા ઈસ્માઈલ પટેલને સોંપવામાં આવી હતી. ફરિયાદીના જણાવ્યા મુજબ તા.22 એપ્રિલના સાંજે ઈસ્માઈલ પટેલ ઘરમાં આવી પક્ષીઓને ખવડાવી મકાન બંધ કરી ગયા હતા. બાદ તા.23 એપ્રિલના રોજ ફરી મકાન પર પહોંચતાં ઘરમાં સામાન વેરવિખેર હાલતમાં જોવા મળતાં ચોરીની ઘટના બન્યાનો સંદેહ થયો હતો. તેઓએ તરત જ ફરિયાદીને ફોન દ્વારા જાણ કરી હતી. ફરિયાદી પરિવાર સાથે રાત્રે અંકલેશ્વર પરત ફર્યા બાદ ઘરની તપાસ કરતાં ગ્રાઉન્ડ ફ્લોર પર આવેલા બેડરૂમના બંને કબાટ ખુલ્લા હાલતમાં જોવા મળ્યા હતા. કબાટનો અરીસો તૂટેલો અને સામાન અસ્તવ્યસ્ત હાલતમાં પડેલો હતો. વધુમાં તપાસ કરતાં કબાટમાં રાખેલા પર્સમાંથી સોનાના દાગીના ગુમ હોવાનું જણાયું હતું. ચોરોએ મકાનના ટેરેસના દરવાજા પર લાગેલી ગ્રીલનું લોક તોડી ઘરમાં પ્રવેશ કર્યો હોવાનું સામે આવ્યું હતું. ટેરેસ પર ખુલ્લા પગનાં નિશાન પણ જોવા મળ્યાં હતાં. ચોરીમાં અંદાજે 14 ગ્રામ વજનના સોનાના દાગીના, કુલ અંદાજિત કિં.રૂ.1,93,200ની મત્તા ચોરી થઈ હોવાનું ફરિયાદમાં જણાવાયું છે. અંકલેશ્વર પોલીસે અજાણ્યા ઈસમ સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.